# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-04-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

****************************************************

1) ભારત અને ન્યુઝીલેન્ડે નવી દિલ્હીમાં મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે FTA પર હસ્તાક્ષરની પ્રશંસા કરી – આ કરારને એક સીમાચિહ્નરૂપ ક્ષણ ગણાવી.

3) પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે પ્રચાર આજે પૂર્ણ થયો

4) સરકારે પુનરોચ્ચાર કર્યો કે દેશમાં ખાતરોની ઉપલબ્ધતા સ્થિર છે અને પુરવઠો સતત માંગ કરતાં વધુ છે.

5)ગુજરાત રાજ્યમાં આવતીકાલે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે મતગણતરી થશે

6) **IPL** ક્રિકેટમાં, યજમાન દિલ્હી કેપિટલ્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ચાલુ

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# India-New Zealand Free Trade Agreement

ભારત અને ન્યુઝીલેન્ડે આજે નવી દિલ્હીમાં મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા. હસ્તાક્ષર સમારોહની અધ્યક્ષતા વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ અને ન્યુઝીલેન્ડના વેપાર અને રોકાણ મંત્રી ટોડ મેકલેએ કરી હતી. ગયા વર્ષે ડિસેમ્બરમાં અંતિમ સ્વરૂપ પામેલા આ કરાર, તમામ ટેરિફ લાઇનમાં ભારતીય નિકાસને 100% કર - મુક્ત કરે છે.

આ પ્રસંગે, શ્રી ગોયલે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીનો સંદેશ વાંચ્યો. શ્રી મોદીએ જણાવ્યું હતું કે ન્યુઝીલેન્ડ સાથેનો કરાર દેશના વૈશ્વિક જોડાણ અને સહિયારી સમૃદ્ધિ તરફ એક ઐતિહાસિક સિદ્ધિ છે. શ્રી મોદીએ કહ્યું કે આ બે જીવંત લોકશાહી વચ્ચે આર્થિક ભાગીદારી, મૂલ્યો, વિશ્વાસ અને સહિયારી મહત્વાકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે મુક્ત વેપાર કરાર ખેડૂતો, કારીગરો, યુવાનો, ઉદ્યોગસાહસિકો અને નાના અને મધ્યમ ઉદ્યોગો માટે નવી તકો ઉભી કરે છે

ન્યુઝીલેન્ડના વેપાર અને રોકાણ મંત્રી ટોડ મેકલેએ ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સનનો સંદેશ પણ વાંચ્યો. શ્રી લક્સને કહ્યું કે ભારત વિશ્વની સૌથી મોટી અને સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. આ મુક્ત વેપાર કરાર બંને દેશો માટે એક મોટી તક છે.

સમારોહમાં, શ્રી ગોયલે કહ્યું કે આ કરાર રેકોર્ડ નવ મહિનામાં પૂર્ણ થયો છે. તેમણે કહ્યું કે તે ઊંડા વિશ્વાસ અને સહિયારી મહત્વાકાંક્ષાને પ્રતિબિંબિત કરે છે.

***(બાઈટ – PIYUSH GOHEL AGGREMENT )***

શ્રી મેકલેએ જણાવ્યું હતું કે આ કરાર ન્યુઝીલેન્ડના નિકાસકારોને ભારતમાં નવી તકો પૂરી પાડે છે. તેમણે જણાવ્યું હતું કે આ કરાર હજારો નોકરીઓનું સર્જન કરશે અને ન્યુઝીલેન્ડના વિશ્વ કક્ષાના નિકાસકારો માટે અપાર સંભાવનાઓ ખોલશે

**(બાઈટ – મેકલે)**

# PM - INDIA NEW ZEALAND ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારત-ન્યુઝીલેન્ડ મુક્ત વેપાર કરાર FTA પર કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલનો એક લેખ શેર કર્યો.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે આ લેખમાં, શ્રી ગોયલે ભારત-ન્યુઝીલેન્ડ FTA ભારતીય નિકાસ પરના ટેરિફને કેવી રીતે દૂર કરે છે તે અંગે વિગતવાર જણાવ્યું છે,

પ્રધાનમંત્રીએ એમ પણ કહ્યું કે આ કરાર વિદ્યાર્થીઓ અને કુશળ વ્યાવસાયિકો માટે તકોનો વિસ્તાર કરે છે, તેમજ કૃષિ ઉત્પાદન વધારવામાં અને રોકાણ પ્રતિબદ્ધતાઓને ટેકો આપવા માટે મદદ કરે છે.

# FTA-JAISHANKAR

વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે ભારત-ન્યુઝીલેન્ડ મુક્ત વેપાર કરારનું સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે આ કરાર મજબૂત આર્થિક ભાગીદારી અને રોકાણને પ્રોત્સાહન આપશે અને ભારતીય નિકાસકારો માટે બજાર વિસ્તરણમાં સુધારો કરશે.

આ કરારને બંને દેશો વચ્ચેના સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવતા તેમણે કહ્યું કે તે નવીનતાઓ, ઉદ્યોગસાહસિકો, ખેડૂતો, નાના અને મધ્યમ ઉદ્યોગો, મહિલાઓ અને યુવાનો માટે નવી તકો ઊભી કરશે.

# FTA - KIRTI VARDHAN

વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે જણાવ્યું છે કે ભારત-ન્યુઝીલેન્ડ મુક્ત વેપાર કરાર (FTA) પર હસ્તાક્ષર થવાથી ભારતીય નિકાસકારોને પ્રોત્સાહન મળશે. તેમણે ઉમેર્યું કે FTA કાપડ, ચામડું, કાર્પેટ, સિરામિક્સ અને ઓટો જેવા ક્ષેત્રો પર 10 ટકા સુધીના ટેરિફને પણ દૂર કરશે, સ્પર્ધાત્મકતા વધારશે અને નવા બજારો ખોલશે.

# PM ROAD SHOW – GANGTOK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સિક્કિમની બે દિવસની મુલાકાતે છે ત્યારે આજે તેમણે સિક્કિમના ગેંગટોકમાં એક રોડ શોમાં ભાગ લીધો. તેમની સાથે સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગ ગોલે અને રાજ્ય ભાજપ પ્રમુખ ડી.આર. થાપા હાજર રહ્યા. રોડ શોમાં હજારો લોકોએ પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું.

શ્રી મોદી આવતીકાલે પાલજોર સ્ટેડિયમ ખાતે સિક્કિમના 50મા રાજ્ય સ્થાપના દિવસની ઉજવણીના સમાપન સમારોહમાં ભાગ લેશે, જ્યાં તેઓ રાજ્યભરમાં 4,હજાર કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ કામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# WEST BENGAL - FINAL CAMPAIGN

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે પ્રચાર આજે પૂર્ણ થયો. રાજકીય પક્ષોએ સાત જિલ્લાઓમાં 142 વિધાનસભા બેઠકો પર મતદારો સુધી પહોંચવા માટે અંતિમ પ્રયાસો કર્યા. આ બેઠકો માટે મતદાન આ મહિનાની 29મી તારીખે થશે.

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ ઉત્તર 24 પરગણાના કાંકિનારામાં એક રેલીને સંબોધિત કરી, જ્યારે ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે હુગલી જિલ્લાના ચંદનનગરમાં રોડ શો કર્યો. યોગી આદિત્યનાથ અને અશ્વિની વૈષ્ણવ સહિત અન્ય ભાજપના નેતાઓએ પણ રાજ્યના વિવિધ ભાગોમાં રેલીઓ અને રોડ શોમાં ભાગ લીધો.

તૃણમૂલ કોંગ્રેસના પ્રમુખ મમતા બેનર્જીએ કોલકાતામાં રોડ શોનું નેતૃત્વ કર્યું. પાર્ટીના મહાસચિવ અભિષેક બેનર્જીએ હુગલીના આરામબાગમાં એક રેલીને સંબોધિત કરી અને બાદમાં મહેશતલામાં રોડ શોમાં ભાગ લીધો.

.

# WEST ASIA BRIEFING

સરકારે પુનરોચ્ચાર કર્યો કે દેશમાં ખાતરોની ઉપલબ્ધતા સ્થિર છે અને પુરવઠો સતત માંગ કરતાં વધુ છે. પશ્ચિમ એશિયાના ઘટનાક્રમ પર આંતર-મંત્રીસ્તરીય વાર્તામાં, ખાતર વિભાગના અધિક સચિવ અપર્ણા શર્માએ જણાવ્યું હતું કે અત્યાર સુધી કોઈ અછત નોંધાઈ નથી. તેમણે જણાવ્યું હતું કે યુરિયાની ઉપલબ્ધતા 71.58 લાખ મેટ્રિક ટન છે, જ્યારે જરૂરિયાત 18.17 લાખ મેટ્રિક ટન છે. DAP ની ઉપલબ્ધતા 22.35 લાખ મેટ્રિક ટન છે, જ્યારે જરૂરિયાત 5.90 લાખ મેટ્રિક ટન છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે દેશમાં LPG નો પૂરતો પુરવઠો છે, અને કોઈ પણ વિતરકને કોઈ અછતનો સામનો કરવો પડી રહ્યો નથી. તેમણે ઉમેર્યું હતું કે 93 ટકા LPG સિલિન્ડર ડિલિવરી OTP ચકાસણી દ્વારા કરવામાં આવી રહી છે. તેમણે જણાવ્યું હતું કે દેશમાં પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો સામાન્ય રહે છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત ખાડી દેશો સાથે સતત તેના સંબંધોનો વિસ્તાર કરી રહ્યું છે. તેમણે માહિતી આપી હતી કે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવલે આરબ અમીરાત ની મુલાકાત લીધી હતી અને ભારત- આરબ અમીરાત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ વધારવા માટેના પગલાંની ચર્ચા કરી હતી.

વિદેશ મંત્રાલયના અધિક સચિવ (અખાત) અસીમ આર. મહાજને જણાવ્યું હતું કે વિદેશ મંત્રાલય અખાત અને પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં વિકાસ પર નજીકથી નજર રાખી રહ્યું છે

# VOTE COUNT OVERALL

રાજ્યભરમાં આવતીકાલે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે યોજાનારી મતગણતરી માટે ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ તૈયારી કરવામાં આવી છે. રાજ્યભરના મતદાન ગણતરી કેન્દ્રો પર આવતીકાલે સવારે નવ વાગ્યાથી ગણતરી હાથ ધરાશે.

રાજ્યની 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત, 260 તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા 11 નગરપાલિકાની 13 પૈકીની નવ બેઠક પર યોજાયેલી પેટા-ચૂંટણી માટે આવતીકાલે રાજ્યભરમાં મતગણતરી કરાશે. આવતીકાલે સવારે નવ વાગ્યાથી રાજ્યના 382 મતગણતરી સ્થળ પર ગણતરી માટે 838 હૉલમાં છ હજાર 991 ટેબલ ગોઠવવામાં આવશે. જ્યારે 28 હજાર 240 જેટલા કર્મચારીઓ મતગણતરીની કામગીરીમાં જોડાશે. દરમિયાન મતગણતરી સ્થળે 33 હજાર 750 પોલીસકર્મીઓ તેમજ વર્ગ ચારના 10 હજાર 257 જેટલા કર્મચારીઓ તહેનાત રહેશે.

# ISRAELI-AMERICAN TALKS

દક્ષિણ લેબનોનમાં ઇઝરાયલી હવાઈ હુમલામાં 14 લોકો માર્યા ગયા છે. ઇઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે ચાલી રહેલા યુદ્ધવિરામ છતાં તણાવ હજુ પણ છે. લેબનોનના  આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, મૃતકોમાં બે બાળકો અને બે મહિલાઓનો સમાવેશ થાય છે, અને હુમલામાં 37 અન્ય ઘાયલ થયા છે. યુદ્ધવિરામ 16 એપ્રિલથી અમલમાં આવ્યો હતો અને બાદમાં તેને ત્રણ અઠવાડિયા માટે લંબાવવામાં આવ્યો હતો, પરંતુ વારંવાર ઉલ્લંઘનના અહેવાલો સામે આવ્યા છે.

ઇઝરાયલી સૈન્યએ કહ્યું કે તેણે દક્ષિણ લેબનોનના કેટલાક ભાગોમાં હવાઈ હુમલા કરતા પહેલા સ્થળાંતરની ચેતવણી આપી હતી. તેમણે દાવો કર્યો હતો કે આ લક્ષ્યોનો ઉપયોગ "IDF સૈનિકો સામે હુમલા કરવા માટે" થઈ રહ્યો હતો.

# CLASH IN CHAD

મધ્ય આફ્રિકન દેશ પૂર્વી ચાડમાં પાણીના પુરવઠાને લઈને બે પરિવારો વચ્ચેનો વિવાદ હિંસામાં ફેરવાઈ ગયો. જેમાં 42 લોકો માર્યા ગયા.

નાયબ પ્રધાનમંત્રી લિમાને મહામાતે જણાવ્યું હતું કે બદલાની કાર્યવાહી મોટા વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી, જેના કારણે સેનાને હસ્તક્ષેપ કરવાની ફરજ પડી હતી.

તેમણે કહ્યું કે સેનાની ઝડપી કાર્યવાહીથી પરિસ્થિતિ નિયંત્રણમાં આવી ગઈ છે અને પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે.

# IPL

**IPL** ક્રિકેટમાં, આજે યજમાન દિલ્હી કેપિટલ્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ચાલુ છે . RCB એ ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી છે.

છેલ્લા અહેવાલ અનુસાર દિલ્હી કેપિટલ્સે __3_____ઓવરમાં ____5_____વિકેટે _08 ____રન બનાવ્યા છે.

# WEATHER

હવામાન વિભાગે આજે રાષ્ટ્રીય રાજધાનીમાં કેટલાક સ્થળોએ ગરમીની આગાહી કરી છે. દિલ્હીમાં મહત્તમ તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની ધારણા છે. આજે હરિયાણા, ચંદીગઢ, મધ્યપ્રદેશ, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ગુજરાત અને મહારાષ્ટ્રના વિદર્ભ ક્ષેત્રમાં પણ આવી જ હવામાન સ્થિતિ રહેવાની શક્યતા છે. આજે અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ભારે વરસાદ થવાની શક્યતા છે.

ઝારખંડના કેટલાક જિલ્લાઓમાં ભારે ગરમી પડી રહી છે, તો ઘણા જિલ્લાઓમાં વરસાદ અને કરા પડી રહ્યા છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. ઘણા જિલ્લાઓમાં વાવાઝોડા અને વરસાદની પણ આગાહી છે.